ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



**હેતકુમાર મુકેશ પરમાર**
મો.૯૭૧૪૯ ૯૮૭૦૮



**ભાગ્ય સુહાગ વોરા**
(૨૦-૧૦-૨૦૧૨) મો. ૯૦૯૯૦ ૩૧૯૧૪



**અગમ કે ભટ્ટ**
(૨૦-૧૦-૧૯૭૦) મો. ૯૧૭૩૧ ૨૩૯૧૫



**દિવ્યાંગ આર મકવાણા**



**પ્રવીણાબેન ગામીત**
સહ ખજાનચી, જ્યોતિ મહિલા મંડળ (૨૦-૧૦-૧૯૬૨)



**ન્યાલચંદ ડી ચંદન**
કારોબારી સભ્ય, જલારામ સેવા સમાજ (૨૦-૧૦-૧૯૫૦)



**પ્રફુલ્લાબેન બાબુલાલ ભાવસાર**
(૨૦-૧૦-૧૯૬૦) મો. ૯૯૨૪૨ ૧૩૫૨૪

## ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં નવરાત્રી પર્વની ઉજવણી







ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ, રાંધેજા ખાતે નવરાત્રી પર્વની ઉજવણી હાથ ધરવામાં આવી હતી, જેમાં વિદ્યાર્થીઓને સક્રિય રીતે સામેલ થવાની તક મળી હતી. શાળા પરિસરમાં ગબ્બરની આબેહૂબ પ્રતિકૃતિ અને નાનાં ભૂલકાઓને ધ્યાનમાં રાખી આકર્ષક મંડપ તૈયાર કરી ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ દ્વારા ધરવામાં આવેલાં પરંપરાગત વસ્ત્રો આકર્ષણનું કેન્દ્ર બની ગયાં હતાં. સંગીતના તાલે વિવિધ ગરબા સ્ટૅપ્સ વિદ્યાર્થીઓએ લઈ તાલ-નૃત્યનું સુંદર સંયોજન ઉભું કર્યું હતું. શૈક્ષણિક સ્ટાફ, બિનશૈક્ષણિક સ્ટાફ તથા ટ્રસ્ટીઓ પણ વિદ્યાર્થીઓ સાથે ગરબે ઘૂમ્યા હતા. કાર્યક્રમના અંત ભાગમાં શ્રેષ્ઠ વિદ્યાર્થી અને સ્ટાફ ખેલૈયાઓને પણ ટ્રસ્ટી દ્વારા ઈનામો એનાયત કરવામાં આવ્યાં હતાં.

## ઍમ બી પટેલ સ્કૂલમાં નવરાત્રી પર્વની ઉજવણી







ગાંધીનગર, તા. ૧૯

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી ઍમ બી પટેલ કન્યા પ્રાથમિક શાળામાં નવરાત્રી પર્વની ઉજવણી ઉલ્લાસપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવી હતી. ધોરણ-૧થી ૮ની ૧૮૦૦ વિદ્યાર્થીનીઓએ ટ્રેડીશનલ પોષાકમાં સજ્જ થઈ, ભાવપૂર્વક ગરબે ઘૂમી સુંદર દશ્યોનું સર્જન કર્યું હતું. શાળાના આચાર્ય તથા સ્ટાફ દ્વારા માતાજીની આરતી ઉતારી પ્રસાદની વહેંચણી વિદ્યાર્થીનીઓને કરવામાં આવી હતી.

શ્રેષ્ઠ ગરબા ખેલનારી વિદ્યાર્થીનીઓને ઈનામો પણ એનાયત કરવામાં આવ્યાં હતાં. બેસ્ટ ડ્રેસ કક્ષામાં પ્લક્ષા (૧ અ), ક્રિષ્ના (૨ અ), શ્રુતિ (૩ ક), ઋત્વિકા (૪ બ), મૈત્રી (૫ અ), નિહરા (૬ ઈ), પ્રિયા (૭અ), શિયા (૮ ડ) તથા શિક્ષકોમાં હેમાંગીબેન, ભગવતીબેન, ફાલ્ગુનીબેન વિજેતા બન્યાં હતાં.

બેસ્ટ પરફોર્મન્સ કૅટેગરીમાં વૃંદા (૧ અ), રિયા (૨ બ), હિરલ (૩ બ), ગાર્ગી (૪ બ), એષા (૫ ઈ), જૈની (૬ ક), યાત્રી (૮ ક) તથા શિક્ષકોમાં મનાલીબેન, ચેતનાબેન જે તથા ચેતનાબેન એ વિજેતા બન્યાં હતાં. તમામ વિજેતા વિદ્યાર્થીનીઓ તથા શિક્ષકોને સંસ્થાના ઍજ્યુકેશન વિભાગનાં ડીન ડૉ. વીણાબેનના હસ્તે ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં.

ગીતાબેન, પ્રવીણાબેન, ફાલ્ગુનીબેન, ઉપાસનાબેન, હર્ષાબેન, ઈલાબેન (ક્રિએટીવ ઝોન) દ્વારા નિર્ણાયક તરીકે સેવાઓ આપવામાં આવી હતી. સૌને આ સફળ ઉજવણી બદલ આચાર્યા નીરૂબેન તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે બી પ્રાથમિક શાળામાં આદ્યશક્તિની આરાધનાના પર્વ નવરાત્રીની ઉજવણી અનન્ય ઉત્સાહભર્યા વાતાવરણમાં કરવામાં આવી હતી. શાળાનાં આચાર્યા નીવાબેન પટેલ, સુપરવાઈઝર્સ તથા શિક્ષક ભાઈ-બહેનો દ્વારા માતાજીની આરતી બાદ વિદ્યાર્થીઓ સાથે મળીને રાસ-ગરબા રમવાનો અનેરો આનંદ ઉઠાવ્યો હતો. સૌએ પરંપરાગત વસ્ત્રો સજ્જ કરી સુંદર દશ્યોનું સર્જન કર્યું હતું.

## કુડાસણ ગામમાં બાળકો દ્વારા ગબ્બરનું સર્જન



ગાંધીનગર, તા. ૧૯

નવરાત્રી પર્વની ઉજવણી ચરમ સીમીએ પહોંચી છે અને ભક્તિનો પ્રવાહ ચારેકોર છલકાઈ રહ્યો છે. માતાજી, નવરાત્રી અને ગરબાનું જાણે સર્વત્ર વાતાવરણ સર્જાયું હોય એવું લાગી રહ્યું છે. આ ઉજવણીમાં બાળકો પણ પાછળ નથી રહ્યાં, એય બરોબર મોટેરાઓનો સાથ આપી રહ્યાં છે. ખાસ કરીને ગબ્બરના સર્જનમાં બાળકોનું યોગદાન મોટું છે. ગાંધીનગર તાલુકાના કુડાસણ ગામમાં બાજુટોડી વાસ ખાતે નાના નાના ભૂલકાંઓએ નવરાત્રીમાં મા જગદંબાની ભકિત પ્રગટ કરતો સુંદર 'ગબ્બર' તૈયાર કર્યો છે. આ ભૂલકાઓ અહીં નિયમિત આરતી કરી પોતાના પોકેટમનીમાંથી પ્રસાદ ધરાવે છે. આ પ્રસાદ તેઓ માત્ર પોતાના વાસમાં જ નહીં પરંતુ કુડાસણ ગામની ભાગોળ સુધી જઈ તમામ ગ્રામજનોને હોંશે હોંશે વહેંચે છે.

## જે બી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ શૈક્ષણિક પ્રવાસે

ગાંધીનગર, તા. ૧૯

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક વિદ્યાલયના ધોરણ-૧થી ૩ના વિદ્યાર્થીઓ માટે તાજેતરમાં મહુડી તથા અમરનાથ ધામના શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું.

સૌ વિદ્યાર્થીઓએ આ સ્થાનોએ ભાવપૂર્વક દર્શન કરી તેના મહત્ત્વ તથા ઈતિહાસ અંગે માહિતી એકત્ર કરી હતી તથા રાઈડ્સનો આનંદ પણ મેળવ્યો હતો. પ્રવાસમાં ભાગ લેનારા વિદ્યાર્થીઓ, શિક્ષકોને શાળાના આચાર્ય તરફથી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.



માનસિક વિશિષ્ટ બાળકો માટે કાર્યરત સ્મૃતિ વિકાસ શાળા, પ્રાંતિયા ખાતે નવરાત્રી પર્વ નિમિત્તે ગરબા કાર્યક્રમ અને ભોજન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. ગિરીશભાઈ નાગજીભાઈ સાવલિયા પરિવાર દ્વારા આયોજિત આ ગરબા મહોત્સવમાં માનસિક વિશિષ્ટ વ્યક્તિઓની સાથે તેમના પરિવારના સભ્યો પણ ઉત્સાહથી ગરબે ઘૂમ્યા હતા. બાળકોએ પણ કાર્યક્રમ દરમ્યાન ખૂબ આનંદ લૂંટ્યો હતો.
(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

## મનોરંજન

**સિનેમેક્સ**

**સ્ક્રીન-૧**
પ્યાર કા પંચનામા-૨
૧૦.૪૫, ૧.૪૫, ૪.૪૦, ૭.૩૫, ૧૦.૩૦

**સ્ક્રીન-૨**
પ્યાર કા પંચનામા
૯.૩૦, ૩.૩૦, ૯.૩૦
સિઘ ઈઝ બ્લિંગ
૧૨.૨૫, ૬.૩૦
જઝ્બા
૬.૩૦

**સ્ક્રીન-૩**
તલવાર
૧૦.૩૦, ૪.૦૦, ૯.૩૦
વેડિંગ પુલાવ
૧.૨૦, ૬.૫૦

**સ્ક્રીન-૪**
ગુજ્જુભાઈ ધી ગ્રેટ
૧૦.૪૫, ૪.૩૦, ૧૦.૩૦
જઝ્બા
૧.૪૫
બાંકે કી ક્રેઝી બારાત
૭.૩૦

## સૅ. ૨૬ની જયપ્રકાશ વિદ્યાલય ખાતે નવરાત્રી પર્વની ઉત્સાહપૂર્ણ ઉજવણી



ગાંધીનગર, તા. ૧૯

સૅક્ટર-૨૬ ખાતે કાર્યરત જયપ્રકાશ વિદ્યાલય ખાતે નવરાત્રી મહોત્સવની ઉજવણી ભારે ઉત્સાહપૂર્વક કરવામાં આવી હતી.

મા જગદંબાની આરતી ઉતાર્યા બાદ પરંપરાગત પોષાકોમાં સજ્જ પ્રાથમિક, માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓ, શિક્ષકો સમૂહમાં રાસ-ગરબાની રમઝટમાં જોડાયા હતા.

જુનિયર-સિનિયર કેજીનાં ભૂલકાઓએ વિશેષ આકર્ષણ જમાવ્યું હતું. પ્રાથમિક તથા માધ્યમિક વિભાગનાં બાળકોએ ખૂબ જ આનંદથી સમગ્ર કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. સમગ્ર શિક્ષકગમ, વિદ્યાર્થીઓ, આચાર્ય તથા સંચાલક મંડળે કાર્યક્રને સફળ બનાવવા માટે મહત્ત્વનું યોગદાન આપ્યું હતું.

સમગ્ર કાર્યક્રમના આયોજન તથા સંચાલનમાં વિહોલભાઈ, સચિનભાઈએ ઉત્સાહપૂર્વક મદદ કરી હતી. શાળાના પ્રમુખ દક્ષાબેન સુથાર તથા આચાર્ય આર એન ઉપાધ્યાયે મહોત્સવની કામગીરીને બિરદાવી હતી.

## બીસીએ કૉલેજમાં ઉજવાયો ગરબા ઉત્સવ



ગાંધીનગર, તા. ૧૯

કડી સર્વ વિદ્યાલય સંચાલિત ભોળાભાઈ પટેલ કૉલેજ ઑફ કૉમ્પ્યુટર સ્ટડીઝ, ગાંધીનગર દ્વારા સર્વ વિદ્યાલય કેળવણી મંડળની શેઠ સી ઍમ હાઈસ્કૂલ, આર જી હાઈસ્કૂલ, આર સી હાઈસ્કૂલ અને ઍમ બી ઈંગ્લિશ મીડિયમ ઍમ ચાર સ્કૂલ્સના ધોરણ-૧૦,૧૧, ૧૨ના વિદ્યાર્થીઓ માટે ગરબા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ચારેય સ્કૂલ્સના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

પરંપરાગત પરિધાનમાં સજ્જ વિદ્યાર્થીઓ સતત બે કલાક સુધી ગરબા રમ્યા હતા. કાર્યક્રમના અંતે વિજેતાઓને ઈનામો એનાયત કરવામાં આવ્યાં હતાં.

બેસ્ટ પ્રિન્સેસ જીલ જોષી, બેસ્ટ પ્રિન્સ યશવંત ડાભી, બેસ્ટ ડ્રેસ રાજવીર વાઘેલા, નિધિ સ્વાલિયા અને વિનર ધ્વનિ ભાવસાર રહ્યાં હતાં.

બેસ્ટ પૅર વાણી પટેલ અને શ્લોકી મહારાજ, જીલ જોશી અને ધ્વની ભાવસાર અને બેસ્ટ પૅર વિનર પ્રિયંકા પરમાર અને નિધિ સ્વાદિયા રહ્યાં હતાં. બેસ્ટ સ્ટાઈલ મિહિર રાવલ, પ્રિયંકા પરમાર અને વિનર જીલ જોશી રહ્યાં હતાં. બેસ્ટ ઓવરઑલ પરફોર્મન્સ ધારા ખત્રી, હેલી પટેલ અને વિનર ધૃવી પાથર તથા પ્રોત્સાહક ઈનામ કેનીલ ડામોરને આપવામાં આવ્યું હતું. નિર્ણાયક તરીકે પ્રૉ. ભવિતા ધરુ, પ્રૉ. કૃતિ પટેલ અને પ્રૉ. કેતન સાલુંકે ઉપસ્થિત રહ્યાં હતાં. ગરબા સ્પર્ધા સંસ્થાના ડિરેક્ટર ડૉ. ઍસ ઍમ શાહના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવી હતી, જેને સ્ટાફ મિત્રોએ સાથે મળીને સફળ બનાવી હતી.

## પ્રાર્થના, સ્તુતિ, ભજન, આરતી - પ્રત્યેક શબ્દનો અર્થ સમજીને બોલવામાં આવે તો તેનો ભાવ જળવાઈ રહે

**વાચકોની કોલમ**

અત્યારે નવરાત્રી ચાલે છે, ગુજરાતનાં પ્રત્યેક શહેર અને ગામે શેરીઓ અને પ્રત્યેક ઘર માતાજીની આરાધના, પૂજા અને ભક્તિથી ભરપૂર છે. પ્રત્યેક ગામ અને ઘરમાં પૂજાવિધિ, પ્રાર્થના કે ભક્તિગીતોમાં કદાચ વૈવિધ્ય હશે, પરંતુ જે આરતી બોલાય છે 'જય આદ્યાશક્તિ' તે તો સમગ્ર ગુજરાતમાં જ નહીં પરંતુ આ દુનિયાના કોઈપણ દેશમાં, જ્યાં ગુજરાતીઓ વસે છે અને જ્યાં નવરાત્રી ઉત્સવ ઉજવાય છે તે સર્વ ઠેકામે એક જ રીતે ગવાય છે. એવી જ રીતે ગરબાની શરૂઆત ઘરમાં, શેરીમાં, નાનાં બાળકોએ બનાવેલા ગબ્બર પાસે કે મોટા પાર્ટી પ્લોટમાં ગવાતા આધુનિક ગરબા હોય, સર્વત્ર 'જય આદ્યાશક્તિ'થી જ થાય છે.

પરંતુ કોઈપણ પ્રાર્થના, સ્તુતિ, ભજન કે આરતી - તેમાં આવતા પ્રત્યેક શબ્દનો અર્થ સમજીને બોલવામાં આવે તો તેનો ભાવાર્થ અને ભાવ બંને જળવાઈ રહે, આ માટે તેમાં બોલાતા શબ્દો સ્પષ્ટ અને સાર્થક હોય તે પાયાની આવશ્યકતા છે. અત્યારે સીડી કે કૅસેટ દ્વારા બોલાતી આરતીમાં કેટલાક શબ્દોના અર્થ સ્પષ્ટ નથી થતા, વિગતે જોઈએ.

દરેક કડીના છેડે આવતા શબ્દો જયો જયો મા જગદંબે...

આ જગદંબે શબદ્ 'જગત' અને 'અંબે' એમ બે શબ્દો જોડીને બન્યા છે, જ્યાં સંસ્કૃત સંધિના નિયમ મુજબ 'ત્'નો દ્' કરીને દ્ અ દ બન્યો છે.

ઘણી સીડીમાં ગાયક પોતાની સ્ટાઈલ બતાવવા માટે 'જુગદ અંબે' એમ બોલે છે, જે સાચું નથી.

બ્રહ્મા ગણપતિ ગાયે હર ગાવે હર મા...

આ શબ્દોમાં ખરેખર 'હર ગાયે હરિ મા' એમ હોવું જોઈએ. માતાજીના ગુણ-સ્તુતિ બ્રહ્મા, ગણપતિ, હર (મહાદેવ) અને હરિ (વિષ્ણુ) કરે છે, બંને જગ્યાએ હર બરાબર નથી. એ જ રીતે કેટલાંક ગાયકો 'ગણપતિ'ના બદલે 'ગુણપતિ' બોલે છે તે પણ સાચું નથી. ગણપતિ એટલે મહાદેવના અનુચરોના વડા. ગણિતના અર્થમાં ગણ એટલે સમૂહ. ગણતંત્ર એટલે પ્રજાના મોટાઓ, વડાઓ દ્વારા ચલાવાતું તંત્ર.

અષ્ટમી અષ્ટભૂજા...ની બીજી પંક્તિમાં ઘણા સ્થળે 'સુનીવર મુનીવર જન્મ્યા...' એમ ગવાય છે. આમાં 'સુનીવર' શબ્દનો અર્થ મળતો નથી. ખરેખર 'સુર, નર, મુનીવર' એમ હોવું જોઈએ. તે જ પંક્તિમાં 'દેવ દૈવ્યો મા'ને બદલે 'દેવ દૈત્યો મા' એમ બોલાય છે, જે સાચું નથી.

'દશમી દશ અવતાર...'ની બીજી પંક્તિમાં સર્વત્ર 'રામે રામ રમાડ્યા, રાવણ રોળ્યો મા...' બોલાય છે. આ સ્તુતિ કે આરતીમાં 'રામ'નાં પરાક્રમો નથી ગવાતાં, આ તો શક્તિ પૂજા છે, માતૃપૂજન છે. એમાં રામ ન આવે. ખરેખર તો 'રમાએ રામ રમાડ્યા' એમ છે. 'રમા' એટલે લક્ષ્મી. સીતાજી લક્ષ્મીનો અવતાર હતા, તેમણે રામ સાથે રમણ કર્યું અને રાવણને રોળ્યો, તેનો નાશ કર્યો. સુરેન્દ્રનગર અને રાજકોટમાં 'રમાએ રામ રમાડ્યા' એમ જ ગવાય છે અને સ્વામિ શિવાનંદ આશ્રમ દ્વારા પ્રકાશિત 'પ્રાર્થના મંજરી'માં પણ 'રમાએ રામ રમાડ્યા' એમ જ લખાયું છે.

છેલ્લે 'સંવત સોળ સતાવન સોળસે બાવીસ મા...' આમાં માતાજીના પ્રાગટ્યનાં બે વર્ષ દર્શાવ્યાં છે : પહેલાં છે - સોળ સતાવન - ૧૬૫૭ અને પછી છે - સોળસે બાવીસ-૧૬૨૨. બેમાં સાચું કયું? બંનેમાં ૩૫ વર્ષનો ફરક પડે, છતાં માનો કે માતાજીના અવતારનો કાર્યકા હોય તો ૧૬૨૨થી ૧૬૫૭ એમ સમજી શકાય, પરંતુ અહીં તો ૧૬૫૭ પહેલાં અને ૧૬૨૨ પછી આવે છે એટલે એ પણ બરાબર બેસતું નથી. હકીકતે, 'સંવત સોળ સતાવન ષોડષ ભાવે અઠવા સોળે ભાવે મા' એમ હોવું જોઈએ. એટલે કે સંવત ૧૬૫૭માં સોળે ભાવે/સોળે કળાએ પ્રગટ્યાં. બીજું 'સંવત'ને બદલે 'સવંત' બોલાય છે, જે ખોટું છે. સાચો શબ્દ 'સંવત્સર' છે, તેનું 'સંવત' - વ્યવહારમાં વપરાય છે, ટૂંકમાં વિ.સં. લખાય છે. આ ઉપરાંત 'રેવાને તીરે, મા ગંગાને તીરે...' એમ ગવાય છે, તો શું માતાજી એક સાથે બે સ્થાને પ્રગટ્યાં હતાં?

ખેર, આ લખાણનો હેતુ દોષ-દર્શન નથી, માત્ર સાચી વસ્તુ પ્રત્યે અંગૂલીનિર્દેશ છે. શક્તિ ઉપાસકોમાં ઘણા ગુજરાતી ભાષાના વિદ્વાનો, સંસ્કૃત ભાષાના જાણકારો પણ છે. તેમણે આ બાબતમાં મનન-મંથન કરી, જૂના ગ્રંથોમાંથી સંશોધન કરીને સત્ય બહાર લાવવું જોઈએ.

**- ગૌતમ આચાર્ય**

